૩૫/૫૦

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્નનું આયોજન તેમજ ફાળવેલ જોગવાઇના અમલીકરણ બાબત.

**ગુજરાત સરકાર**

***આદિજાતિ વિકાસ વિભાગ***

ઠરાવ ક્રમાંકઃએનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-પ

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ ત્રીજી, ઓગષ્ટ/૨૦૧૧

વંચાણે લીધાઃ-

(૧) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૩/૯/૯૭ નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૧૦૯૨/૧૯૨૮/છ.

(૨) આદિજાતિ વિકાસ વિભાગનો તા.૨૩/૯/૯૮નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૧૦૯૮-૧૪૩-છ.૧

(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ ( આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૧૭/૯/૧૯૯૯નો ઠરાવ ક્રમાંકઃ બજટ/૧૦૯૯/૧૫૮/પ.

(૪) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૨૬/૪/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૦/૮૧૬/પ.

(૫) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૧૧/૯/૨૦૦૦નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૦/૮૧૬/પ.

(૬) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૬/૧૨/૨૦૦૧નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૦/૮૧૬/પ.

(૭) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તારીખઃ ૨૪/૧/૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃ એસએઆર/૨૦૦૧/૩૮૯/પ.

(૮) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૨૫/૨/૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃ એસએઆર/૨૦૦૧/૩૮૯/પ.

(૯) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૨૩/૧૦/૨૦૦૨નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૧/૨૯૫/પ.

(૧૦) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૧૩/૭/૨૦૦૪નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૨/૨૯૫/પ.

(૧૧) આદિજાતિ વિકાસ વિભાગ નો તા.૩૧-૦૭-૨૦૦૬નો ઠરાવ ક્રમાંકઃટીએસપી/૨૦૦૬/ ૩૮૭/પ.

(૧૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૦૭/૪/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ ટીએપી/૨૦૦૨/૨૯૫/પ,

(૧૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ પ્રભાગ) તા.૧૦/૪/૨૦૦૭નો ઠરાવ ક્રમાંકઃ વીકેવાય/૧૦૨૦૦૭/૨૪૪/પ.

**આમુખઃ-**

બંધારણના માર્ગદર્શક સિધ્ધાંતોના અમલીકરણના ભાગરુપે આદિજાતિઓના કલ્યાણ માટે રાજય સરકાર દવારા પાંચમી પંચવર્ષિય યોજનાની શરુઆતથી ટ્રાયબલ સબ-પ્લાન યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના અસરકારક અમલીકરણ માટે વંચાણમાં લીધેલ વખતોવખતના ઠરાવોથી માર્ગદર્શક સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. આ તમામ સૂચનાઓ પાછળનો આશય રાજયના આદિજાતિ વિસ્તારોનો વિકાસ વિકસીત વિસ્તારોની સમકક્ષ કરવાનો તેમજ આદિજાતિઓનું શોષણ અટકાવીને જીવન ધોરણ સુધારીને તેઓનો સામાજિક તેમજ આર્થિક વિકાસ કરવા માટે જરુરી અંદાજપત્રીય જોગવાઇઓની તેઓની વસ્તી અને વિસ્તારને આધારે ફાળવણી કરીને વિકાસની તકો ઉપલબ્ધ કરાવવાનો રહયો છે. નવમી પંચવર્ષિય યોજના ૧૯૯૭-૯૮ ના પ્રથમ વર્ષથી ન્યુ ગુજરાત પેટર્ન નો પણ અમલ કરવામાં આવી રહેલ છે.. પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર હાલમાં નીચે મુજબની કાર્યપધ્ધતિઓ અમલમાં છે :-

(ક) આદિજાતિ વિકાસ વિભાગના તા. ૩-૯-૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ ટીએપી-૧૦૯૨-૧૯૨૮-છ થી સચિવાલયના વહીવટી વિભાગો ને ટી.એ.એસ.પી.(આદિજાતિ પેટા યોજના) પૈકી ગુજરાત પેટર્ન હેઠળ ફાળવવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

(ખ) ગુજરાત પેટર્ન હેઠળ ફાળવવામાં આવતી રકમ પૈકી આદિજાતિ વિસ્તાર પેટા યોજના (ટીએએસપી) માટે ૯૬ ટકા અને છૂટાછવાયા આદિજાતિ વિસ્તારો (ડીએસટી) માટે ૪ ટકા જોગવાઇ સેકટરવાર કમિશનર (આદિજાતિ વિકાસ) તરફથી સંબંધિત જેતે જિલ્લાઓને તેમની વસ્તીના પ્રમાણમાં ફાળવવવામાં આવે છે. જે તે જિલ્લાના પ્રાયોજના વહીવટદારશ્રી તરફથી આ રકમ સેકટરવાર સંબંધિત તાલુકાને ફાળવવામાં આવે છે.

(ગ) તાલુકા કક્ષાની તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ, જે પ્રાયોજના વહીવટદારશ્રીના અધ્યક્ષસ્થાને મળે છે તેમના તરફથી સેકટરવાર કામોનું આયોજન કરી, જિલ્લા આદિજાતિ વિકાસ મંડળને ભલામણ કરવામાં આવે છે.

(ઘ) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ મહદઅંશે તાલુકા કક્ષાની ભલામણોને મંજુરી આપે છે અને મંજુર થયેલ કામોની વહીવટી મંજૂરી અને સમીક્ષા જિલ્લા આદિજાતિ કાર્યવાહક સમિતિ તરફથી આપવામાં આવે છે.

૨. **ન્યુ ગુજરાત પેટર્નના છેલ્લા ૧૦ વર્ષના અનુભવનું તારણ નીચે મુજબ છેઃ-**

(ક) ગુજરાત પેટર્ન ના અમલીકરણ બાદ છેલ્લા દશ વર્ષમાં રૂ. ૨૫૦૪ કરોડનું બજેટ વપરાયેલ છે અને કુલ ૬૪૮૫૮ કામો કરવામાં આવેલ છે.

(ખ) ભારતના કંમ્પ્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલના વર્ષના ઓડીટ અહેવાલના તારણો અને સૂચનો તથા નિયામકશ્રી, મૂલ્યાંકન, ગુજરાત રાજય, ગાંધીનગર ના મૂલ્યાંકન

અહેવાલ ના તારણો અને સૂચનો મુજબ ગુજરાત પેટર્નના અમલીકરણમાં કેટલાક સુધારા જરૂરી જણાયેલ છે.

(ગ) ગુજરાત પેટર્નની શરૂઆત થયા પછી જિલ્લા આયોજન મંડળ, નાણાં પંચની ગ્રાન્ટ, અમુક જિલ્લાઓમાં રાષ્ટ્રિય સમ વિકાસ યોજના (હાલ BRGF), રાષ્ટ્રિય ગ્રામીણ રોજગાર બાંયેધરી યોજના જેવી યોજનાઓ જિલ્લાઓમાં વિકેન્દ્રિત પ્રણાલીથી ચાલે છે. સામાન્ય રીતે આ યોજનાઓમાં એક જ પ્રકારના કામો મંજૂર થતા હોય છે. આયોજનપંચની આદિજાતિ પેટા યોજનાની માર્ગદર્શક સૂચનાઓ (ગાઇડલાઇન્સ) આદિજાતિ વિસ્તારોમાં આ બધા ખાતાઓનો સમન્વય કરી, માન. મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદા કાર્યક્રમને (વનબંધુ કલ્યાણ યોજના) પ્રાથમિકતા આપી, પાંચ વર્ષ માટે તાલુકાદીઠ સંકલિત વિકાસ પ્લાન તૈયાર કરી જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ ભંડોળમાંથી આ કામગીરી કરવામાં આવે તો ભવિષ્યમાં દરેક ગામમાં સારા પરિણામ મળી શકે તેમ છે.

(ઘ) હાલમાં જિલ્લા કે રાજય કક્ષાએ ઉપલબ્ધ ગુજરાત પેટર્નના ફંડના ઉપયોગ અંગે કોઇ ચોકકસ કામો કરવા માટેની અગ્રતા યાદી અથવા ન કરવાના કામોની (નેગેટીવ) યાદી નથી જેના લીધે અમુક કિસ્સાઓમાં બિનજરૂરી કામગીરી પણ થતી હોય છે. જે તે સદરમાં ઓછા પ્રમાણમાં કે જરૂરિયાત કરતાં વધારે ફંડ ઉપલબ્ધીને કારણે પણ આમ થતુ હોય છે.

(ચ) ગુજરાત પેટર્નમાં સમાવિષ્ટ કરવાના કામો અંગે કોઇ ધારા-ધોરણ નકકી કરવામાં આવેલ ન હોવાથી જે તે વર્ષમાં વધારેમાં વધારે કામો લેવાના કારણે કામોની ગુણવત્તા કેટલાક કિસ્સાઓમાં નબળી થાય છે. આ માટે જરૂરી છે કે, જે તે વિભાગ દ્વારા ગુજરાત પેટર્નના કામો માટે સદરવાર નિયત કામોનું ધારા-ધોરણ નકકી કરી

જરૂરિયાતોને ધ્યાને રાખી, કરવાના કામોની યાદી અને ન કરવાના કામોની યાદી તૈયાર કરવાની જરૂરત છે.

(છ) દર વર્ષે ગુજરાત પેટર્ન હેઠળ મંજૂર થયેલ કામોની સંખ્યા વધારે હોય છે અને સામાન્ય રીતે તાલુકા પંચાયત મારફતે જ કરવામાં આવતા હોય છે. મંજૂર થયેલ કામોની વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરી કામો શરૂ કરવામાં વિલંબ થાય છે, તેથી સામાન્ય રીતે નાના નાના કામો પણ બે- ત્રણ વર્ષમાં પૂર્ણ થાય છે.

(જ) હાલ આ કામોના મોનીટરીંગ માટે કોઇ ચોકકસ પ્રણાલી નથી. જેના લીધે કામ પૂર્ણ થયા પછી ધાર્યા મુજબ પરિણામ મળેલ છે કે કેમ ? તે અંગેનો ખ્યાલ આવતો નથી.

(ઝ) ગુજરાત પેટર્નમાં સામાન્ય રીતે વાર્ષિક આયોજન કરવામાં આવે છે, અને આવનાર વર્ષમાં જે તે સદરમાં કેટલી રકમ ફાળવવામાં આવશે તેનો ચોકકસ ખ્યાલ હોતો નથી તેથી તો એક વર્ષથી વધારે સમયના પ્રોજેકટ લેવામાં આવતા નથી. સામાન્ય રીતે વિકાસની પ્રક્રિયામાં સમય લાગે છે અને અમુક કામો માટે પાંચથી સાત વર્ષ સુધીના પ્રોજેકટની પણ જરૂર પડે છે.

(ટ) ગુજરાત પેટર્નની સંગીન અમલવારી માટે કેવી રીતે અને કેટલા પ્રમાણમાં તાંત્રિક સ્ટાફ કે બહારના નિષ્ણાત સ્ટાફ રાખી શકાય કે રાખી શકાય કે કેમ ? તે અંગે પણ કોઇ માર્ગદર્શિકા નથી. ગુજરાત પેટર્નમાં કયા પ્રકારના કામો, કેવી રીતે, કયા ધોરણે અને કેટલા પ્રમાણમાં સ્વૈચ્છિક સંસ્થાઓને આપી શકાય તે માટે પણ કોઇ માર્ગદર્શિકા નથી. સાથોસાથ સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી અને તેમને એડવાન્સ આપવા માટે કોઇ જોગવાઇ નથી.

ઠ રા વઃ-

વિભાગના વખતોવખતના વંચાણમાં લીધેલ ઠરાવોથી બહાર પાડવામાં આવેલ સૂચનાઓ તેમજ આમુખમાં દર્શાવ્યા મુજબ પ્રવર્તમાન ગુજરાત પેટર્ન યોજનાના અમલીકરણના અનુભવે જે તારણો પ્રાપ્ત થયેલ છે તે તમામ બાબતો લક્ષમાં લઇને ગુજરાત પેટર્ન તેમજ માન. મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદાના અસરકારક અમલીકરણ માટે નવેસરથી અધતન સૂચનાઓ બહાર પાડવાનું સરકારની વિચારણા હેઠળ હતું. આથી આ અગાઉની વંચાણમાં લીધેલ ઠરાવો /પરિપત્રો પૈકી ક્રમાંક (૧) સિવાયના ઠરાવો /પરિપત્રો રદ કરી વર્ષ ૨૦૧૧-૨૦૧૨ થી મંજૂર થનાર કામો માટે અધતન અને સંકલિત રીતે સૂચનાઓ આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે.

૨. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ અનુસૂચિત જનજાતિની વસ્તીના ધોરણે જિલ્લાને અનુદાન ફાળવશે. પ્રાયોજના વિસ્તારોમાં ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ સેકટરવાર ફાળવણી ન કરતાં વિસ્તારને અનુરૂપ સ્થાનિક જરૂરિયાત મુજબ ના કામો માટે રકમની ફાળવણી કરવાની રહેશે. જિલ્લાકક્ષાના આયોજન માટે તાલુકાવાર રકમની ફાળવણી નીચે મુજબ કરવાની રહેશે.

**તાલુકા કક્ષા માટે નાણાંની ફાળવણી કરતી વખતે નીચેના ધારાધોરણ ધ્યાનમાં રાખવાના રહેશે.**

| | |
|---|---|
| - તાલુકામાં બી.પી.એલ. કુટુંબોની સંખ્યા. | ૩૦ ટકા |
| - કૌલગી સમિતિના પછાત તાલુકા પૈકીના તાલુકા માટે- | ૧૦ ટકા |
| - તાલુકાની અનુસૂચિત જનજાતિની વસ્તી | ૪૦ ટકા |
| - મહિલા આધારીત બી.પી.એલ. કુટુંબોની સંખ્યા | ૫ ટકા |
| - આદિમજુથ અને હળપતિ વસ્તી | ૫ ટકા |
| - તાલુકામાં મહિલા શિક્ષણના પ્રમાણ ઓછી મહિલા સાક્ષરતા વાળા તાલુકા માટે વધારે ફાળવણી ) | ૫ ટકા |
| - અંતરીયાળ વિસ્તારના ૪૦૧ ગામો માટે | ૫ ટકા |

નોંધઃ બિનઆદિજાતિ વિસ્તારોમાં જ્યાં અનુસૂચિત જનજાતિની વસ્તી હોય તે તાલુકામાં તે વિસ્તાર માટે જ ફાળવણી કરી શકાશે.

૩. ગુજરાત પેટર્ન હેઠળ જિલ્લા કક્ષાએ કૂલ જોગવાઇના ૯૦ ટકા અને રાજયકક્ષાએ ૧૦ ટકા આયોજન કરવાનું રહેશે. જે જોગવાઇઓ માં આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ મળેલ ગુજરાત પેટર્નનું ફંડ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે જિલ્લાની આદિજાતિની વસ્તીના ધોરણે, તેમજ તે જ રીતે પ્રાયોજના વહીવટદારશ્રી ઉપર સુચવેલ માપદંડ મુજબ તાલુકાવાર ફાળવણી કરશે. જેમાં પોકેટસ/કલસ્ટર્સ અને સબંધિત પ્રાયોજના વિસ્તારમાં છૂટાછવાયા વિસ્તારમાં રહેતા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓનો પણ તેઓની સ્થાયી વસ્તી લક્ષમાં લઇને સમાવેશ કરવાનો રહેશે.

૪. આદિજાતિ વિસ્તાર સિવાયના જિલ્લાઓના બિન આદિજાતિ - વિસ્તારમાં વસતા છૂટા છવાયા આદિજાતિઓ માટે અલાયદી રીતે કમિશ્નરશ્રી (આદિજાતિ વિકાસ)એ સબંધિત જિલ્લા વિકાસ અધિકારીને ફંડની ફાળવણી કરવાની રહેશે. જિલ્લા વિકાસ અધિકારીએ કામો મંજૂર થાય તેમજ તેના આયોજન અને અમલીકરણ સહિત મોનીટરીંગ થાય તેમજ તેનો માસિક અહેવાલ કમિશ્નરશ્રીને (આદિજાતિ વિકાસ) સમયસર ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

૫. ગુજરાત પેટર્નની જિલ્લાકક્ષાએ ઉપલબ્ધ કુલ જોગવાઇની રકમ જે તે પ્રાયોજના વિસ્તારના આયોજનમાં પરિશિષ્ટ-૧ (હકારાત્મક યાદી) દર્શાવેલ કામો અંગેની દરખાસ્તો તાલુકા/જિલ્લા/વહીવટી વિભાગોના અમલીકરણ અધિકારીઓએ અને હોદેદારોએ પ્રાયોજના વહીવટદારશ્રીને રજૂ કરવાની રહેશે. સાથોસાથ પરિશિષ્ટ-૨માં દર્શાવેલ કામોનો સમાવેશ ન થાય તેની તકેદારી રાખીને નીચે મુજબના ધોરણો લક્ષમાં લઇને મળેલ દરખાસ્તો તાલુકા આદિજાતિ વિકાસ સમિતિની બેઠકના એજન્ડામાં સમાવેશ કરવાનો રહેશે.

| ક્રમાંક. | કુલ અનુદાન પૈકી મંજૂર કરવાની ટકાવારી | કામો રજૂ થવાના સ્તરો. |
|---|---|---|
| (અ) | તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ સમક્ષ રજૂ કરવાના કામોઃ- | |
| ૧. | ૪૦ ટકા | ગ્રામ સભાઓ એ રજૂ કરેલ કામો. ( કે જે સીધી રીતે અનુસૂચિત જનજાતિના લોકોને લાભકર્તા હોય). |
| ૨. | ૫૦ ટકા | તાલુકા /જિલ્લા /વહીવટી વિભાગોના અમલીકણ અધિકારીઓ તરફથી પ્રાયોજના વહીવટદારશ્રીને રજૂ થતીદરખાસ્તો. |
| (બ) | તાલુકા લેવલની સમિતિ દ્વારા ભલામણ કરાયેલ કામો અને નીચે દર્શાવેલ કામો જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ સમક્ષ ચર્ચા અને મંજૂરી સારુ રજૂ કરવાના રહેશે. | |
| 3. | ૮ ટકા | પ્રાયોજના વહીવટદાર દવારા સૂચિત માળખાકીય સુવિધાના કામો. |
| ૪. | ૨ ટકા. | પ્રોજેકટ અમલીકરણ સ્ટાફ, આકસ્મિક ખર્ચ, મોનીટરીંગ અને ઇવેલ્યુએશન માટે પ્રાયોજના વહીવટદાર કચેરી હસ્તક. |

૬. <u>આયોજનઃ-</u>

(ક) તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ અને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળે મુખ્યમંત્રીશ્રીના ૧૦મુદા આધારિત (આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૫-૬-૨૦૦૮ ના ઠરાવ ક્રમાંકઃ વકય-૨૦૦૮-૧૩૪૦-પથી સમાવેશ કરાયેલ) કાર્યક્રમોનો ટોચ અગ્રતાથી સમાવેશ કરવાનો રહેશે.

(ખ) કોઇપણ કામની દરખાસ્ત રજૂ થાય તે પહેલા સબંધિત ખાતા તરફથી ચોકકસ પ્લાન, અંદાજો તેમજ તાંત્રિક મંજૂરી સાથે મંજૂર કરાવેલ હોવા જોઇશે. દરખાસ્ત રજૂ કરવા માટે કમિશ્નરશ્રી, આદિજાતિ દવારા કામદીઠ મુકરર કરાયેલ નિયત નમૂનાના પત્રકમાં જ દરખાસ્ત કરવાની રહેશે.

(ગ) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક મોડામાં મોડા ૩૦ એપ્રિલ સુધી બોલાવવાની રહેશે અને મંજૂર કરાયેલ કામોની વહીવટી મંજૂરી તા. ૧૫મી, મે સુધીમાં મોડામાં મોડી આપવાની રહેશે.

(ઘ) મંજૂર કરાયેલ કામો જે તે વર્ષમાં મોડામાં મોડા ૩૧મી ડિસેમ્બર સુધીમાં શરૂ કરવાના રહેશે.

(ચ) તા.૩૧મી, ડિસેમ્બર સુધીમાં શરુ ન કરાયેલ કામો ના અનુદાનનો પ્રાયોજના વહીવટદારશ્રી તરફથી પુનઃ વિનિયોગ કરીને આવશ્યકતા મુજબ ફાળવવાના રહેશે.

(છ) વાર્ષિક આયોજનમાં ૧૨૫ ટકા રકમના કામોનું આયોજન કરવાનું રહેશે જેમાં અગાઉના વર્ષોની સ્વીકૃત જવાબદારીઓના કામોનું આયોજન પ્રથમ કરવાનું રહેશે.

૭. ***ફંડની જોગવાઇ*** –

(ક) જિલ્લા અને તાલુકા કક્ષાએ મંજૂર કરવામાં આવતી જોગવાઇ પૈકી નીચે મુજબના કામોને પ્રાથમિક અગ્રતા આપવાની રહેશે.

⇒ સામુહિક વિકાસના કામો.

⇒ લાભાર્થીઓની આવક બમણી થાય તેવા કામો/યોજનાઓ.

⇒ સિંચાઇ સુવિધાઓ.

⇒ આદિજાતિ કુટુંબોના રસોડા સુધી પાણીની સુવિધાઓ.

⇒ અંતરિયાળ વિસ્તારના ગામોના વિકાસના કામો.

⇒ ઉચ્ચ ગુણવત્તા વાળા રસ્તાઓ

⇒ એકલવ્ય મોડલ રેસીડેન્સી સ્કૂલ અને આદિજાતિ વિકાસ વિભાગ હસ્તક ની નિવાસી શાળાઓમાં આઇ.ટી.,વોકેશનલ તાલીમ,આંતરમાળખાકીય સુવિધાઓ.

⇒ આદિમજુથ તથા હળપિતઓની ૧૦૦ ટકા વસ્તી માટે છ પાયાની સુવિધાઓ (પાણી, વીજળી, શિક્ષણ, રસ્તા, આરોગ્ય તેમજ વાહનવ્યવહાર) માટે

⇒ મહિલાઓની ભાગીદારીથી કાર્યરત કૌશલ્ય તાલીમ કાર્યક્રમો.

⇒ ઉકત પ્રોજેકટોમાં વ્યકિતલક્ષી કે કૌશલ્યવર્ધક તાલીમ યોજનાઓમાં બી.પી.એલ. આદિજાતિ કુટુંબો (પ્રથમ અગ્રતા – ૧ થી ૧૬ ગુણાંક, બીજી અગ્રતા ૧૭ થી ૨૦ ગુણાંક અને ત્યારબાદ 30 ગુણાંક સુધીનાનો સમાવેશ કરવાનો રહેશે. )

⇒ આદિમજૂથ, હળપતિ, સ્થળાંતર કરતા મજૂરો તેમજ કુટુંબમાં મહિલા વડા હોય તેઓનો સમાવેશ અગ્રિમતાથી કરવાનો રહેશે.

⇒ ગુજરાત પેટર્નમાં સમાવિષ્ટ કરવાના થતા પ્રોજેકટો મહત્તમ ૨ વર્ષ માટેના લઇ શકાશે આ સમય મર્યાદા ખાસ કિસ્સામાં કમિશ્નરશ્રી, આ.વિ. વધારી શકશે. આજિવિકા પ્રોજેકટનો સમયગાળો પૂર્ણ થયા બાદ સમાવેશ કરાયેલ લાભાર્થીઓ પૈકી ૭૫ ટકા લાભાર્થીઓના જીવનધોરણમાં ગુણાત્મક પરિવર્તન થાય તેવા પ્રોજેકટ હોવા જોઇએ.

(ખ) ગુજરાત પેટર્ન હેઠળ હવે પછી નાની નાની જોગવાઇ વાળા સદરોની જોગવાઇ એકત્રિત કરી ઉપયોગી અને જરૂરિયાત મુજબના સદરો હેઠળ જોગવાઇ કરવાની રહેશે અને તે મુજબ કમિશ્નરશ્રીઆદિજાતિ વિકાસે ફાળવણી કરવાની રહેશે.

(ગ) ગુજરાત પેટર્ન હેઠળ જે તે પ્રોજેકટ માટે પ્રથમ વર્ષે જરુરી રકમ મંજૂર કરવામાં આવ્યા બાદ બાકી રહેતી રકમ માટે આગામી વર્ષેના નિયમિત બજેટમાં આયોજન કરવાનું રહેશે.

૮. <u>રાજયકક્ષાની સમિતિઃ-</u>

રાજયકક્ષાએ ગુજરાત પેટર્ન હેઠળ ૧૦ ટકા અનુદાન ફાળવવાનું રહેશે. તેમજ ૧૦ ટકા રકમના કામો રાજયકક્ષાની સમિતિ મારફતે જિલ્લાઓને જોડતા રસ્તાઓના કામો, પુલો બે કે તેથી વધુ તાલુકાઓને જોડતા રસ્તાઓ, સિંચાઇની સુવિધાઓ , શિક્ષણ તેમજ આજિવિકા તેમજ અન્ય ઉપયોગી પ્રવૃત્તિના કામો વિગેરે

કે જે મુખ્યત્વે સ્થાનિક વિસ્તારની જરુરિયાત અને અગત્યતાને ધ્યાને લેતાં આવશ્યક હોય તેમજ બજેટ જોગવાઇ થયેલ ન હોય તેવા કામોનો સમાવેશ કરી શકાશે.

રાજયકક્ષાની સમિતિ સમક્ષ રજૂ થનાર કામોની વિચારણા સારુ નીચે મુજબની વિભાગીય સમિતિ રહેશે.-

| | |
|---|---|
| અધિક મુખ્ય સચિવશ્રી, આ.વિ.વિ. | અધ્યક્ષ. |
| કમિશ્નરશ્રી,આદિજાતિ વિકાસ. | સભ્ય |
| વિભાગમાં ગુજરાત પેટર્નની કામગીરી સંભાળતા ના.સ.શ્રી | સભ્ય |
| નાણાં સલાહકારશ્રી, (આ.વિ.વિ.) | સભ્ય |
| વિભાગમાં કામગીરી સંભાળતા ઉપ સચિવ | સભ્યસચિવ. |

રાજયકક્ષાની સમિતિ (પરિશિષ્ટ-૩ મુજબ) સમક્ષ વિભાગીય સમિતિએ સમીક્ષા કરેલ કામોની દરખાસ્તો રજૂ કરવાની રહેશે.

૯. **જિલ્લા આદિજાતિ વિકાસ મંડળઃ-**

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ જિલ્લાઓમાં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ ના સભ્યો અને બિનસરકારી સભ્યોની નિમણૂંકો અને સમિતિએ કરવાની કામગીરી પરિશિષ્ટ-૪ મુજબની રહેશે.

બિન આદિજાતિ વિસ્તારોમાં કલેકટરશ્રીના અધ્યક્ષસ્થાને એક કમીટી રહેશે. જેમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા આયોજન અધિકારી સભ્યો તરીકે રહેશે અને કમીટીના સભ્ય સચિવ તેમજ અમલીકરણ તરીકે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી રહેશે.

૧૦. **તાલુકા આદિજાતિ વિકાસ સમિતિઃ-**

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ તાલુકાઓમાં તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના સભ્યો અને બિનસરકારી સભ્યોની નિમણૂંકો અને સમિતિએ

કરવાની કામગીરી પરિશિષ્ટ-૫ મુજબની રહેશે. જેમાં જે તે પ્રાયોજના વહીવટદારશ્રીઓ હસ્તકના પોકેટસ/કલસ્ટર નો સમાવેશ જે તે તાલુકાઓ માટેની તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ હસ્તક રહેશે. (પોકેટસ/કલસ્ટરની યાદી સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીએ નિભાવવાની તેમજ તે વિસ્તારના કામો/યોજનાઓનો સમાવેશ થાય તે પણ જોવાનું રહેશે.)

૧૧. <u>કામો મંજૂરી ની સૂચનાઓ</u>-

(ક) ગુજરાત પેટર્ન યોજનાના અનુદાનનો ઉપયોગ ખાતાઓ પાસે ઉપલબ્ધ અનુદાન સાથે સમન્વય કરી શકાશે, પરંતુ જે તે કામની જગ્યા ઉપર ગુજરાત પેટર્નમાંથી મેળવવામાં આવેલ રકમને સ્પષ્ટ કરતું વનબંધુ કલ્યાણ યોજનાનું સાઇનબોર્ડ પરિશિષ્ટ-૬ મુજબનું લગાડવાનું રહેશે.

(ખ) ગુજરાત પેટર્નના ફંડ અંગેનું જરૂરી ઓડીટ અને એકાઉન્ટીંગ અંગેની કામગીરી અમલીકરણ અધિકારીએ કરવાની રહેશે.

(ગ) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળમાં રજુ થયેલ કામોની નાણાકીય જોગવાઇમાં ટેન્ડરો ઉંચા આવવાના કારણે માન્ય થયેલ કામોની રકમ સામે ૨૦ ટકા સુધીની રીવાઇઝ વહીવટી મંજૂરી આપવાની સત્તા પ્રાયોજના વહીવટદારશ્રી હસ્તક રહેશે.

(ઘ) ન્યૂ ગુજરાત પેટર્નના નિયમોમાં છૂટછાટ મૂકવા માટે નાણા વિભાગ મારફતે સરકારશ્રીની મંજૂરી મેળવવાની રહેશે.

(ચ) સ્વૈચ્છિક ખાનગી સંસ્થાઓને કામગીરી સોંપતા અગાઉ પંચાયત કે રાજય સરકારની ખાતાકીય એજન્સીને અગ્રતા આપવાની રહેશે.

(જ) કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ તથા નાણાપંચની ગ્રાન્ટ ઉપલબ્ધ થતી નથી તેવું સંબંધિત અધિકારીનું પ્રમાણપત્ર મેળવવાનું રહેશે વિકેન્દ્રિત જિલ્લા આયોજન અને એ.ટી.વી.ટી. યોજના અન્વયે પ્રાંત અધિકારી સાથે સંકલન પણ કરવાનું રહેશે.

૪૭/૧૮

૧૨. <u>કામોની અમલવારીઃ-</u>

(૧) પ્રાયોજના વહીવટદારશ્રીએ કરવાની કામગીરીઃ-

(ક) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળમાં મંજુર થયેલ ગુજરાત પેટર્ન જોગવાઇ હેઠળના કામોના અમલીકરણનું મૂલ્યાંકન/પ્રગતિની સમીક્ષા અમલીકરણ અધિકારીઓ અને સંસ્થાઓ સાથે ત્રિમાસિક ધોરણે કરવાની રહેશે. જેમાં ભૌતિક, નાણાંકિય પ્રગતિ તેમજ ગુણવત્તાની સમીક્ષા કરવામાં આવશે.

(ખ) અમલીકરણ અધિકારી/સ્વૈચ્છિક સંસ્થાઓએ કામોનો માસિક પ્રગતિ અહેવાલ જે તે પ્રાયોજના વહીવટદારશ્રીને મોડામાં મોડા ૧૦ તારીખ સુધીમાં મોકલી આપવાનો રહેશે. પ્રાયોજના વહીવટદારશ્રીએ ત્રિમાસિક સંકલિત અહેવાલ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસને નિયત પત્રકમાં રજૂ કરવાનો રહેશે. તેમજ તેની નકલ આદિજાતિ વિકાસ વિભાગને મોકલી આપવાની રહેશે.

(ગ) સમય મર્યાદામાં કે માન્ય ગુણવત્તા મુજબ કામ પૂર્ણ ન કરનાર અમલીકરણ અધિકારી/ સંસ્થાઓ અધિકારીનો ખુલાસો મેળવી તેઓ સામે યોગ્ય પગલાં લેવા સક્ષમ અધિકારીને ભલામણ કરી શકશે. અધિકારીઓના કિસ્સામાં તેઓના વાર્ષિક ખાનગી અહેવાલમાં જરૂરી નોંધ લેવા અને સંસ્થાઓના કિસ્સામાં બે વર્ષ સુધી ગુજરાત પેટર્નના કામો આપવા ઉપર પ્રતિબંધિત કરવા પ્રાયોજના વહીવટદારશ્રી સક્ષમ રહેશે.

(ઘ) ગુજરાત પેટર્ન યોજના હેઠળ આદિજાતી વિકાસ મંડળ દવારા મંજૂર કરવામાં આવતા તમામ કામો ની યાદી તેમજ કામ/યોજના કરનાર સંસ્થાઓની યાદી, લાભાર્થીઓની યાદી સહિત વર્ષવાર પ્રાયોજના વહીવટદારશ્રીએ રાખવાની રહેશે, તેમજ મંજૂર કરાયેલ કામો સમયસર શરૂ કરવામાં અને તેમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવાની અને તે જોવાની જવાબદારી પ્રાયોજના વહીવટદારશ્રીની રહેશે.

(ચ) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દવારા મંજૂર કરાયેલ કામો પૈકી અન્ય યોજનાઓ હેઠળ મંજૂર કરાયેલ કામો, સ્થાનિક પરિસ્થિતિને કારણે હાથ પર લઇ ન શકાય તેવા કામોની જગ્યાએ અપવાદરુપ કિસ્સાઓમાં આવા કામોનો ફેરફાર કરી અન્ય કામો જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં ડિસેમ્બર સુધીમાં રજૂ કરવાના રહેશે.

(છ) ન્યુ ગુજરાત પેટર્ન યોજના હેઠળ મંજૂર કરાયેલ કામો માટે અમલીકરણ અધિકારી તરફથી સ્વૈચ્છિક/ખાનગી સંસ્થાઓની પસંદગી જાહેરાત આપીને રાજય સરકારના ધારાધોરણ મુજબ જ કરવાની રહેશે. સંસ્થાને કામગીરી સોંપતા પહેલા સક્ષમ સત્તાની મંજૂરી મેળવવાની રહેશે. સંબંધિત પ્રાયોજના વહીવટદારશ્રી વર્ષના અંતે કઇ કઇ સ્વૈચ્છિક સંસ્થાઓને કયા પ્રકારના કામ આપવામાં આવેલ છે તેની પ્રગતિ કેવી છે ? અને ખાનગી સંસ્થાનો મોનીટરીંગ રીપોર્ટ કેવો છે તે અંગેનો અહેવાલ કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ ને ૩૦ જુન સુધીમાં મોકલવાનો રહેશે. કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસે ગુજરાત પેટર્નની તૈયાર કરાનાર વેબસાઇટ ઉપર મૂકવાનો રહેશે.

(જ) સબંધિત વિભાગની જવાબદારી રહેશે કે ખાતાકીય કામો/અન્ય યોજના ઓ હેઠળ આવરી લેવાયેલ કામો ગુજરાત પેટર્ન હઠળ બેવડાય નહિં તે જોવાનું રહેશે.

(ઝ) આદિજાતિ વિકાસ મંડળ દવારા ગુજરાત પેટર્ન હેઠળ મંજૂર કરવામાં આવતા કામો પૈકી બાંધકામને લગતા કામોનું ચૂકવણુ અમલીકરણ અધિકારીઓએ તબકકાવાર ચૂકવવાનું રહેશે. જે તે કામ માટે મંજૂર કરાયેલ કુલ અનુદાન પૈકી ૫ ટકા રકમ સબંધિત સંસ્થાને જે તે કામ પૂર્ણ થયા બાદ બાંધકામના સ્થળે વનબંધુ કલ્યાણ યોજના ની નિયત તકતી પરિશિષ્ટ-ડ મુજબની લગાડેલ હોવાની સક્ષમ અધિકારીએ ચકાસણી કરી લેવાની રહેશે, કમ્પ્લીશન પ્રમાણપત્ર તથા યુ.ટી.સી. રજૂ કરવામાં આવ્યેથી બાકીની ૫ ટકા રકમ ચૂકવવાની રહેશે.

(ટ) કામોના મોનીટરીંગ માટે કોમ્પ્યુટર સોફ્ટવેર થી પ્રાયોજના વહીવટદારશ્રીએ કામોનું મોનીટરીંગ કરવાનું રહેશે.

(ઠ) કામોની ગુણવત્તા જળવાઇ રહે અને ચકાસણી થઇ શકે તે માટે પ્રાયોજના વહીવટદારશ્રી થર્ડપાર્ટી ઇવોલ્યુશન કરી શકશે તેમજ આ હેતુ માટે નિષ્ણાત સંસ્થાઓને રોકી શકશે.

(ડ) નિષ્ણાત સંસ્થાનો મોનીટરીંગ અહેવાલ જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં રજૂ કરવાનો રહેશે.

(ન) તાલુકા કક્ષાએ થનાર આયોજનમાં આયોજનની પ્રકિયામાંથી પોકેટસ અને કલસ્ટર્સ બાકાત રહી જાય નહિં તે જોવાનું રહેશે.

**(૨) જે કામો મંજૂર કરવામાં આવશે તેને માટે સબંધિત ખાતાની કામગીરી નીચે મુજબની રહેશે.**

⇒ તાંત્રિક મંજૂરી.

⇒ રાજય સરકારની આ પ્રકારની સમાન યોજનાના પ્રવર્તમાન ધારાધોરણ અંગેનું પ્રમાણપત્ર અને જો કોઇ ધારાધોરણ બદલવામાં આવેલ હોય તો શા માટે ?

⇒ જો ખાતાકીય રાહે કામ ન થઇ શકે તેમ હોય તો તેનું પ્રમાણપત્ર અને તેના કારણો?

⇒ મંજૂર કરાયેલ વિસ્તાર/કામ અન્ય કોઇ મંજૂર કરાયેલ કામ માટે બેવડાતું ન હોવાનું પ્રમાણપત્ર.

⇒ ગુણવત્તા, કમ્પ્લીકશન સર્ટીફિકેટ, અનુદાન ફાળવણી બાબતે ચકાસણી અહેવાલ.

ઉકત બાબતે સંબંધિત ખાતાનો પ્રાયોજના વહીવટદારાશ્રીનો પરામર્શ કરવાનો રહેશે.

૧૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીના પંચાયત, ગ્રામ્ય ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સામાન્ય વહીવટ વિભાગની તેમજ નાણા

વિભાગની અનુક્રમે તા.૨૯-૪-૧૧ ,તા. ૧૦-૫-૧૧ અને તારીખ -૨૮-૬-૧૧ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર. એમ. પટેલ)
અધિક મુખ્ય સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રીઓ (તમામ)/રાજયકક્ષાના મંત્રીશ્રીઓ (તમામ)/સંસદીય સચિવશ્રીઓ (તમામ)ના અંગત સચિવશ્રીઓ/અંગત મદદનીશશ્રીઓ.

મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ/આયોજન, સચિવાલય, ગાંધીનગર.

અગ્ર સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.

સચિવાલયના તમામ વિભાગોના અગ્રસચિવશ્રીઓ/સચિવશ્રીઓ/સંયકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી (આયોજન).

અધિક સચિવશ્રી અને મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડી-સેગ, સચિવાલય,ગાંધીનગર.

કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુન્ડા ભવન, સેકટર-૧૦-એ,ગાંધીનગર

નિયામકશ્રી, ગુજરાત રાજય આદિજાતિ વિકાસ નિગમ, ગાંધીનગર.

નિયામકશ્રી, આદિજાતિ સંશોધન અને તાલીમ, ગુજરાત વિધાપીઠ, અમદાવાદ. .

સભ્યસચિવશ્રી, ગુજરાત રાજય આદિજાતિ વિકાસ નિવાસી શૈક્ષણિક સંસ્થા સોસાયટી, ગાંધીનગર.

કલેકટરશ્રીઓ (તમામ)

જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તમામ) ,સચિવાલયના વિભાગો હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/કોર્પોરેશન/નિગમો.

પ્રાયોજના વહીવટદારશ્રીઓ (તમામ), મદદનીશ પ્રાયોજના વહીવટદારશ્રીઓ (તમામ)

કલેકટરશ્રીઓ (તમામ),વિશિષ્ટ ફાઇલ, મદદનીશ વિશિષ્ટ ફાઇલ.

આદિજાતિ વિકાસ વિભાગના તા.03/ 0૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-૫ નું જોડાણ.

---

૧. ગ્રામ્ય કક્ષાએ કરવાની કામગીરીઃ-

ગ્રામ્ય કક્ષાએ ગ્રામસભામાં આ સાથેના પરિશિષ્ટ-૧ મુજબના કામો પૈકી ના કામોમાંથી ગામની જરુરિયાતના કામો પસંદ કરવાના રહેશે કે જે સીધીરીતે આદિજાતિની વસ્તીને લાભકર્તા હોય.

૨. તાલુકા કક્ષાએ કરવાની કામગીરીઃ-

(ક) તાલુકા વિકાસ અધિકારીએ આ ઠરાવની જોગવાઇઓ અંતર્ગત ગ્રામસભા એ રજૂ કરેલ કામો સ્થળ તપાસ, તાંત્રિક ચકાસણી, તાંત્રિક મંજૂરી અર્થે દરખાસ્ત જે તે કચેરીને મોકલી આપવાની રહેશે.

(ખ) જે તે કચેરીએ તાલુકા વિકાસ અધિકારી મારફતે મળેલ દરખાસ્તો અન્વયે આનુષાંગિક કાર્યવાહી પૂર્ણ કરી તાંત્રિક મંજૂરી સાથેની દરખાસ્ત તાલુકા વિકાસ અધિકારી મારફતે સભ્યસચિવશ્રી મારફતે તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે.

(ગ) તાલુકામાં કામ કરતા જિલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીઓ તાલુકાના મહત્વના અને ખૂટતી કડીરૂપ કામો કે જેનો સમાવેશ યોજનાકીય ગ્રાન્ટમાં થતો ન હોય તેવા વિકાસના કામો તાંત્રિક મંજૂરી સાથે સક્ષમ અધિકારીની મંજૂરી સાથે સભ્યસચિવશ્રી, તાલુકા આદિજાતિ સમિતિ સમક્ષ રજૂ કરી શકશે.

(ઘ) સ્થાનિક પરિસ્થિતિઓ લક્ષમાં લઇ ને સ્વરોજગારીની યોજનાઓ, વ્યવસાયલક્ષી તાલીમો, આજીવિકા વધારવાની યોજનાઓ, રોજગારલક્ષી સાધન-સહાય આપવાની યોજનાઓ તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે.

૩. તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ કક્ષાએ કરવાની કામગીરીઃ-

(ક) સમિતિને મળેલ દરખાસ્તો અન્વયે તાલુકાને ફાળવવામાં આવેલ જોગવાઇ કરતાં ૨૦ ટકા વધુ રકમના કામો જરુરિયાત મુજબ ચકાસીને કામોની અગ્રતા નકકી કરશે.

(ખ) તાલુકા આદિજાતિ સમિતિમાં સમાવિષ્ટ લોકપ્રતિનિધિઓ તેમજ બિનસરકારી સભ્યો લોકોપયોગી જનહિતાય યોજનાઓ અંગે પોતાની ભલામણો કરી શકશે.

**૪. જિલ્લા આદિજાતિ વિકાસ મંડળે કરવાની કામગીરીઃ-**

(ક) ગુજરાત પેટર્ન યોજના હેઠળ ફાળવવામાં આવેલ જોગવાઇઓ અન્વયે ઠરાવની સૂચનાઓ સુસંગત તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ દવારા ભલામણ કરાયેલ દરખાસ્તો/કામો ને ઠરાવની સૂચનાઓ અનુસાર અગ્રતા ક્રમ લક્ષમાં લઇ ને દરખાસ્તો/કામો મંજૂર કરવાના રહેશે.

(ખ) સમિતિની સમયાંતરે મળતી બેઠકોમાં કામોની વિગતવાર સમીક્ષા કરવાની રહેશે.

(ગ) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠક સમયે સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે આદિજાતિ વિકાસ વિભાગ/કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસના વર્ગ-૧ ના અધિકારીશ્રી ને હાજર રાખવા માટે બેઠકના સભ્યસચિવશ્રીએ વિભાગ/કમિશ્નરશ્રીની કચેરીનો પરામર્શ કરવાનો રહેશે. તેમજ બેઠકનો એજન્ડા સમયસર મોકલી આપવાનો રહેશે.

(ઘ) સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ અધિકારીએ સરકારશ્રીની નીતિ અનુસાર તેમજ ઠરાવની સૂચનાઓ અનુસાર આયોજન બાબતે મંડળને જરુરી માર્ગદર્શન પૂરું પાડવાનું રહે.

(ચ) સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે બેઠકમાં થયેલ કાર્યવાહી અંગેનો અહેવાલ અધિક મુખ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગને રજૂ કરવાનો રહેશે.

(છ) જે તે તાલુકાને ફાળવવામાં આવેલ જોગવાઇની મર્યાદામાં તાલુકાના મહત્તમ ગામોને વિકાસ પ્રકિયામાં આવરી લેવાયેલ છે કે કેમ? તે બાબત સુનિશ્ચિત કરશે.

(જ) તાલુકા આદિજાતિ વિકાસ સમિતિ દવારા કોઇ ચોકકસ ગામોના કામો માટે આગ્રહ રાખવામાં આવે તેવા કિસ્સામાં પ્રાયોજના વહીવટદારશ્રી તાલુકાઓનો સર્વાંગી વિકાસ હાથ ધરી શકાય તે રીતે કામોની અગ્રતા યાદી તૈયાર કરશે.

પ. પ્રાયોજના વહીવટદારશ્રીની ભૂમિકાઃ-

(ક) ગુજરાત પેટર્નના કામો પ્રવર્તમાન સૂચનાઓને આધીન રહીને જ થાય અને તેનો સમયસર અમલ કરવામાં આવે તે માટેની સઘળી જવાબદારી જે તે પ્રાયોજના વહીવટદારશ્રીની રહેશે. જો કોઇ કિસ્સામાં જિલ્લા આદિવાસી વિકાસ મંડળ તરફથી નિયમોનું ઉલ્લંઘન કરીને મંજૂરી આપવામાં આવેલ હોય તેવા કિસ્સા તાત્કાલિક દિવસ- ૭માં કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસને રજૂ કરવાના રહેશે અને આ માટે કમિશ્નરશ્રી/રાજય સરકારની જે કોઇ સૂચના મળે તેનું પાલન કરવાનું રહેશે.

(ખ) કામોના મોનીટરીંગ માટે એક સોફટવેર તૈયાર કરવામાં આવશે, પ્રાયોજના વહીવટદારશ્રીએ સોફટવેરનો ઉપયોગ કરીને કામોનું મોનીટરીંગ કરવાનું રહેશે.

(ગ) મે માસથી શરૂ કરીને તાલુકાવાર તાલુકાના મુખ્ય મથકે પ્રાયોજના વહીવટદારશ્રી પ્રત્યેક માસે કામોની સમીક્ષા બેઠકનું આયોજન કરવાનું રહેશે.

(ઘ) સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી જે યોજનાના કામો /લાભાર્થીઓ માટે કરાવવાના હોય તેવા તમામ કામો/ યોજના/લાભાર્થીઓની યાદી પ્રાયોજના વહીવટદાશ્રીએ મેળવવાની રહેશે, તેમજ તે યાદી વેબસાઇટ ઉપર મૂકવાની રહેશે.

(ચ) કોઇપણ એન.જી.ઓ. ને કામો આપતી વખતે જાહેરાત કરી હરીફાઇ ના ધોરણે દરખાસ્ત મેળવીને કામો આપવાના રહેશે. તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની પસંદગી માટે

રાજ્ય સરકાર દવારા નકકી કરવામાં આવેલ ધારા-ધોરણોને અનુસરીને કરવાની રહેશે.

(છ) પ્રાયોજના યોજના વહીવટદારશ્રીએ સ્વૈચ્છિક સંસ્થાઓને આપવામાં આવેલ કામો તેમજ તેની પ્રગતિ કેવી છે તેનો અહેવાલ મોડામાં મોડા ૩૦ જૂન સુધીમાં કમિશ્નરશ્રી, આદિજાતિને રજૂ કરવાનો રહેશે.

(જ) મંજૂર કરાયેલ કામોનો ખર્ચ અમલીકરણ સંસ્થા/કચેરીએ જે તે નાણાકીય વર્ષમાં કરવાનો રહેશે. જે તે નાણાકીય વર્ષમાં ખર્ચ ન થઇ શકે તેવા કિસ્સામાં પ્રાયોજના વહીવટદારશ્રી એક વર્ષની મુદત વધારી શકશે, ત્યારબાદ સમયમર્યાદા વધારવાની સત્તાઓ કમિશ્નરશ્રી, આદિજાતિ હસ્તક રહેશે.

(ઝ) ગુજરાત પેટર્ન હેઠળ મંજૂર થતાં દરેક કામો/યોજનાઓ/અસ્કયામતો/લાભાર્થીઓની વિગતો પ્રદશિત કરવા બાબત. આ યોજના હેઠળ મંજૂર કરવામાં આવતા તમામ કામો/યોજનાઓ/અસ્કયામતોની અધતન માહિતી પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરીએ રાખવાની અને જાળવવાની રહેશે. ઉપર બાંધકામના હેતુ માટે ફાળવવામાં આવેલ અનુદાન બાબતે જે તે સ્થળ ઉપર પરિશષ્ટ –ડ મુજબની વિગતો સ્પષ્ટ કરતું સાઇનબોર્ડ મૂકવાનું રહેશે.

(ટ) સ્થાનિક કક્ષાએ કૃષિ અને પશુપાલન, સ્કીલ ડેવલપમેન્ટ, બાયોગેસ વિગેરેના લાભાર્થીઓની યાદી ગ્રામ પંચાયત કચેરીમાં પ્રદર્શિત કરવાની રહેશે.

આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૩/૦૮/૨૦૧૧ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-૫ નું જોડાણ.

---

## પરિશિષ્ટ: ૧

**ગુજરાત પેટર્ન જોગવાઇ હેઠળ પસંદ કરવાના કામો અને તે પૈકી અગ્રતાના ધોરણે ક્રમ અનુસાર મંજૂર કરવાના કામોની યાદીઃ-(હકારાત્મક યાદી)**

| ક્રમાંક | સદર | કામનું નામ. | અગ્રતા. |
|---|---|---|---|
| ૧. | રસ્તા. | ગામનો મુખ્ય રસ્તો. | પ્રથમ |
| | | ગામના આંતરિક ફળીયાના રસ્તા. | પ્રથમ |
| | | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/પેટાકેન્દ્ર, શાળાઓ, દૂધ કેન્દ્ર, આંગણવાડી ને જોડતા રસ્તાઓ. | પ્રથમ |
| | | વરસાદી પાણીના નિકાલ માટે નાળા અને પ્રોટેકશન વોલ ના કામો. | પ્રથમ. |
| | | અંતરિયાળ ગામો (જેવાકે વન વિસ્તાર/સરહદી વિસ્તાર ના ગામો) કે જેઓને તાલુકા/જિલ્લા/રાજય ધોરીમાર્ગનો લાભ મળતો ન હોય તેવા ગામોના<br>-એક ગામથી બીજા ગામ સુધીના જોડતા રસ્તા.<br>-ગામથી તાલુકા/જિલ્લા/રાજય ધોરીમાર્ગ સુધીના રસ્તાના કામો. | પ્રથમ |
| | | ગામમાં નવા રસ્તા/ હયાત રસ્તાઓ જેમાં-<br>એપ્રોચ રસ્તાઓ. નવા બનાવવા/મરામત કરાવવી. | બીજી |
| | | હયાત રસ્તાઓ ઉપરના ખડિયાટના કામો (જેના અભાવે હયાત રસ્તાઓનો ઉપયોગ થઇ ન શકતો હોય) જેવાકે નાળા, નાના પુલો, ડ્રીપ કોઝવે, ક્રોસ ડ્રેનેજ જેવા કામો. | ત્રીજી. |
| | | નોન પ્લાનમાં બનેલા પાંચ વર્ષ પહેલાના રસ્તાઓનું રીકાર્પેટીંગ | ત્રીજી. |
| | | કેન્દ્ર સરકાર/રાજય સરકાર/અન્ય અનુદાનથી સહાયિત યોજનાઓમાંથી ફાળવાયેલ/બાંધવામાં આવેલ રહેણાંકના મકાનો | ત્રીજી. |

| | | | |
|---|---|---|---|
| | | ના રસ્તાના કામો/મકાનોથી અન્ય ફળિયા/મુખ્ય માર્ગને જોડતા રસ્તાના કામો. | |
| | | નરેગા યોજના હેઠળ મેટલીંગ થયેલ રસ્તાના કામો. | ત્રીજી. |
| | ઉપરના કામો મંજૂર કરવામાં તેમાં સમાવિષ્ટ થતા નાળા, ડીપ કોઝવે, બોક્ષડ્રેઇનેજ વિગેરેનો સમાવેશ થશે. | | |
| ૨. | શિક્ષણ | આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત તમામ શૈક્ષણિક સંસ્થાઓ માટે શૈક્ષણિક હેતુ, આઇ.ટી., આંતરમાળખાકીય અને ભૌતિક સુવિધાઓના કામો. | પ્રથમ |
| | | શાળાઓમાં વોકેશનલ તાલીમ કાર્યક્રમો. | પ્રથમ |
| | | -આંગણ વાડી તથા પ્રાથમિક શાળા ધોરણ-૧ થી ૪ અને ઉચ્ચત્તર પ્રાથમિક ધોરણ-૫ થી ધોરણ -૮ માટે આવશ્યકતા મુજબના ઓરડા,શૌચાલય, વીજળીકરણ, કમ્પાઉન્ડ વોલ તેમજ આંતરમાળખાકીય સુવિધાઓ.<br>(જે ગામમાં પ્રાથમિક શાળા/આંગણવાડી/ ની સુવિધા બિલકુલ ન હોય તેને ટોચઅગ્રતા. ) | પ્રથમ |
| | | રાજય સરકારની શૈક્ષણિક સંસ્થાઓના કમ્પાઉન્ડ વોલ તેમજ મરામત્ત ના કામો. | ત્રીજી. |
| | | ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ એક વર્ષમાં મહત્તમ બે (અલગ અલગ તાલુકામાંથી લેવાની રહેશે.) | |
| | | વીજળી, પાણી, કીચન ગાર્ડન. | ત્રીજી |
| 3. | પાણી પુરવઠો | ઘરઘર પીવાના પાણીની સુવિધા | પ્રથમ |
| | | મીની વોટર સપ્લાય સ્કીમ | પ્રથમ |
| | | વોટર રીચાર્જીંગના કામો. | પ્રથમ |
| | | દુષ્કાળ સમયે શરૂ થયેલ પીવાના પાણીના તળાવો સેઇફ સ્ટેજે લાવવાના રહેશે. | પ્રથમ. |
| | | તાંત્રિક રીતે શકયતાઓ તપાસીને કુવાઓ/જુથકુવાઓ રીચાર્જીંગ કરવાના કામો. | પ્રથમ. |
| | | બંધ પડેલ નો-સોર્સ યોજનાઓ પુનઃ શરૂ કરવી. (કાયદાકીય કે | ત્રીજી. |

| | | | |
|---|---|---|---|
| | | ખાતાકીય તપાસ ચાલતી ન હોય તેવી.) | |
| ૪. | સિંચાઇ | સામુહિક કુવા, વીજળીકરણ અને પાઇપલાઇન પંપસેટ સહિત. | પ્રથમ |
| | | ચેકડેમ | પ્રથમ |
| | | કમાન્ડ વિસ્તાર વધારવા માઇનોર/સબ માઇનોર કેનાલના કામો (આદિજાતિના ખેડૂતો માટે) | પ્રથમ. |
| | | ચેકડેમ કોઝવે. | બીજી. |
| | | રેઇન વોટર હાર્વેસ્ટીંગ | બીજી. |
| | | દુષ્કાળ સમયે શરૂ કરાયેલ પીવાના પાણીના તળાવો સેઇફ સ્ટેજે લાવવાના કામો. | બીજી. |
| | | સામુહિક ઉદવહન સિંચાઇ યોજના. | બીજી. |
| | | સામુહિક સિંચાઇ માટેના કુવા. | બીજી. |
| પ. | કૃષિ અને પશુપાલન. | આઇટીડીપી યોજના હેઠળના કામો. | પ્રથમ |
| | | પશુપાલન માટે ઉપયોગી સાધનો (ચાફ કટર, કેટલ શેડ). મત્સ્યોધોગ (બોટ-જાળ, સાયકલબોક્ષ). | પ્રથમ |
| | | પશુ દવાખાનાની કમ્પાઉન્ડ વોલ. | બીજી. |
| | | પશુમેળા અને સારવાર નિદર્શન કેમ્પની યોજના. | ત્રીજી. |
| | | બી.પી.એલ., આદિમજૂથ, હળપતિ લાભાર્થીઓને પશુપાલન, મરઘા ઉછેર, મત્સ્યોધોગ જેવી રોજગાર લક્ષી યોજનાઓ.<br>(દુધાળા નાના પશુ- ૩ વર્ષમાં એકવાર) મરઘા/મત્સ્યોધગ (૩ વર્ષમાં એકવાર)<br>(દુધાળા મોટા પશુ- ૫ વર્ષમાં એકવાર)<br><br>નોંધઃ અગાઉ જે લાભાર્થીને આવી યોજના હેઠળ લાભ મળી ગયેલ હોય તેમજ મંજૂર કરાનાર વર્ષમાં અન્ય અરજદાર હોય તેવા કિસ્સામાં નવા અરજદારને પ્રથમ અગ્રતા આપવાની રહેશે.) | ત્રીજી. |
| | | ટ્રેવીશ | ત્રીજી |
| | | પશુઓને પીવાના પાણીના હવાડા | ત્રીજી |
| ૬.. | વીજળી | વસાહત/નવા પેટાપરાનું વિજળીકરણ. | પ્રથમ |

| | | | |
|---|---|---|---|
| | | સામુહિક કુવાઓ, ઉદવહન સિંચાઇ યોજનાઓના વીજળીકરણના કામો. | પ્રથમ |
| | | ખેતીના હેતુ માટે વીજળીકરણ | પ્રથમ |
| | | સામુહિક સિંચાઇ યોજના હેઠળ ખેતીના હેતુમાટે ૩ ફેઝ કનેકશન ૫૦ ટકાના ધોરણે. | પ્રથમ |
| | | ગોબરગેસ પ્લાન્ટ યોજના. | ત્રીજી |
| | | સોર ઊર્જા ફાનસ. | ત્રીજી. |
| ૭. | સામુહિક આરોગ્ય તથા અન્ય વિકાસના કામો | સેનીટેશનની સુવિધા.<br>-સ્મશાન સગડી, સ્મશાન ગૃહ, સ્માશાનગૃહમાં પાણી, વીજળી ની સુવિધા. | પ્રથમ |
| | | વિસ્તારને અનુરૂપ અન્ય સામુહિક વિકાસના કામો. | પ્રથમ. |
| | | માર્કેટ યાર્ડ, શાકભાજી માટેના ઓટલાના કામો. | બીજી |
| | | સ્મશાનગૃહની કમ્પાઉન્ડ વોલ, | ત્રીજી |
| | | પીક-અપ સ્ટેન્ડ ઉપર બાંકડા | ત્રીજી |
| ૮. | રોજગાર | સ્વરોજગાર માટેની સામુહિક યોજનાઓ, (સ્વ સહાય જૂથ, સખીમંડળોને પ્રાધાન્ય આપવાનું રહેશે.)<br>સ્વરોજગારલક્ષી કાર્યક્રમો.<br>ઉચ્ચગુણવત્તા યુક્ત અને સેમી સ્કીલ તાલીમો. | પ્રથમ |
| | | તાલુકાના મહત્વના પ્રશ્નો ધ્યાને લઇ ખૂટતી કડીના કામો કે જે વિભાગની અન્ય યોજનાઓમાં સમાવેશ થતો ન હોય તેવા કામો. | ત્રીજી. |
| ૯. | પોષણ | આંગણવાડી મકાન તેમજ તેમાં આંતરમાળખાકીય અને ભૌતિક સુવિધાઓ. | પ્રથમ. |
| | | આદર્શ નિવાસી શાળાઓમાં દૂધસંજીવની યોજનાના કામો. | બીજી. |
| | | સરકારી પોષણ આહાર કેન્દ્રોમાં આહાર તૈયાર કરવા માટેના સાધનો. (મહત્તમ રૂ. ૪૦૦૦/-સુધી) | |
| ૧૦. | આરોગ્ય | આદિજાતિ વિસ્તારમાં આવેલ સરકારી દવાખાના/ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/ પ્રાથમિક આરોગ્ય પેટા કેન્દ્રોના બાંધકામ, વોર્ડરૂમ બાંધકામ, વીજળી કરણ, પીવાના પાણીની સુવિધા. વોટરકુલર વસાવવા / ઈન્વર્ટર | પ્રથમ. |

| | | | |
|---|---|---|---|
| | | આદિજાતિ વિસ્તારમાં આવેલ ઓપરેશન થીયેટરમાં રૂપાંતરની યોજના. | પ્રથમ. |
| | | આદિજાતિ વિસ્તારમાં આવેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર/પેટા કેન્દ્રમાં રેફ્રીજરેટર, લેપ્રોસ્કોપીક મશીનો તેમજ વૈધકીય સારવાર અંગેના સાધનો વસાવવા. (મહત્તમ રૂ. ૫ લાખ સુધીની મર્યાદામાં એકવાર). | બીજી. |
| | | આદિજાતિ વિસ્તારમાંના (શહેરી વિસ્તાર સિવાયના) દવાખાના/હોસ્પીટલમાં ચીલ્ડ્રન વોર્ડ, બર્ન્સવોર્ડ | બીજી. |
| | | અંતરિયાળ ગામો જયાં આરોગ્ય વિષયક સેવાઓ ઉપલબ્ધ ન હોય તેવા વિસ્તારો માટે મોબાઇલ ડીસ્પેન્સરી. | પ્રથમ. |
| ૧૧. | પાણી પુરવઠા | પીવાના પાણીથી વંચિત ગામોમાં પાણી પુરવઠાના કામો. | પ્રથમ. |
| | | પીવાના પાણીની પાઇપલાઇનના કામો | પ્રથમ. |
| | | તાંત્રિક રીતે શકયતાઓ તપાસીને કુવાઓ/જુથકુવાઓ રીચાર્જીંગ કરવાના કામો.<br>(કુવાદીઠ મહત્તમ રૂ. ૩૩૦૦/ અથવા થયેલ ખરેખર ખર્ચ પૈકી ઓછી રકમ મળવાપાત્ર) | બીજી |
| ૧૨. | ભૂમિ સંરક્ષણ | પૂર સંરક્ષણ દિવાલના કામો. (ગામતળ બચાવવાના કામો) | પ્રથમ |
| | | પાકા નાળા, જમીન સમતળ કરવાના કામો. | બીજી |
| ૧૩. | પંચાયત | પંચાયત ઘરની યોજના (સબંધિત વિભાગના પ્રવર્તમાન નિયમો મુજબ) | પ્રથમ |
| | | ગામમાં નિર્મળ ગામ સારુ સ્વચ્છતા અર્થે જરુરિયાતના સાધનો.<br>-મરેલા પશુ લઇજવા માટે રેકડી.<br>-જાહેર સૌચાલય.<br>-વોશીગ ઘાટ.<br>- સ્ટોન પેવીંગના કામો.<br>-માર્કેટીંગ શેડ | પ્રથમ |
| ૧૪. | ડેરી વ્યવસાય | દૂધ ઉત્પાદક મંડળીઓના મકાન પેટે સહાય (મહત્તમ રૂ. ૧,૦૦,૦૦૦/). | ત્રીજી |
| | | સહકારી દૂધ મંડળીઓ કે જેઓ પાસે ઉપલબ્ધ ન હોય તેવી | ત્રીજી. |

| | | | |
|---|---|---|---|
| | | સવલતો ( ઇલેકટ્રિક વજનકાંટો. મીલ્કો ટેસ્ટર, મંડળીના મુખ્ય મથકે પશુઓ માટે પ્રાથમિક સારવાર કીટ). | |
| ૧૫. | મહિલા કલ્યાણ. | **અનુસૂચિત જનજાતિના કલ્યાણ ની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ નીચેની શરતો પરિપૂર્ણ કરતી મહિલા સંઘ/સંસ્થા ને સબંધિત તાલુકા આયોજન સમિતિએ મંજૂર કર્યા બાદ જિલ્લા આયોજન મંડળની મંજૂરીથી મહત્તમ રૂ. ૧ લાખની સહાય આ યોજના હેઠળ મળી શકશે.**<br>**સંસ્થાના મકાન ઉપર *<u>જિલ્લા આયોજન મંડળના સહયોગથી</u>* એવા પ્રકારની તકતી બાંધકામના વર્ષ ના ઉલ્લખ સાથે પ્રવેશ આગળ લગાવવાની રહેશે.**<br>- **સંઘ/સંસ્થા રજીસ્ટર્ડ હોય**<br>- **વાર્ષિક હિસાબો નિયમો અનુસાર નિયમિત ઓડીટ થયેલ હોય.**<br>- **મહિલા સ્વનિર્ભર થઇ શકે તેવી વ્યવસાયિક/બીન વ્યવસાયિક અને તાંત્રિક તાલીમો. થતી હોય.**<br>- **સમાજની તમામ વર્ગોની મહિલાઓને લાભ મળતો હોવો જોઇએ.** | પ્રથમ |
| ૧૬. | ભૂમિ અને જળસંરક્ષણ | ઢોળાવ સરખા કરવાં અને અને જમીન સમતલ કરવાની સામુહિક યોજનાઓ. | પ્રથમ |
| ૧૭. | વન વિકાસ | સરકારી અને પડતર જમીનમાં વનીકરણ. | પ્રથમ. |
| | | એફ.આર.એ. હેઠળ મળેલ જમીનના વિકાસ માટેના કામો. | પ્રથમ. |
| ૧૮. | કૃષિ | લાભથી વંચિત આદિજાતિના નાના-સિમાંત, બી.પી.એલ., આદિમજુથ, હળપતિઓ માટે કૃષિ આધારીત વાવેતર/રોપણી થી ટૂંકાગાળા સહાય માટેની યોજનાઓ.<br>-કૃષિ આધારીત વાવેતર/રોપણી થી ટૂંકાગાળા કે લાંબાગાળા માટે ઉત્પાદન કરીને થતા વિકાસ/આર્થિક ઉપાર્જન વાળી આદિવાસીઓના ઉત્કર્ષ માટેની વિવિધ યોજનાઓ. | પ્રથમ. |

| | | | |
|---|---|---|---|
| | | દા.ત.-વાડી યોજના, વિવિધ રોપા, ખાતર, બિયારણ, કૃષિ વિષયક સાધનો, | |
| ૧૯. | મહિલા કલ્યાણ. | અનુસૂચિત જનજાતિના કલ્યાણ ની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ નીચેની શરતો પરિપૂર્ણ કરતી મહિલા સંઘ/સંસ્થા ને જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ ની મંજૂરી થી મહત્તમ રૂ. ૧ લાખની સહાય આ યોજના હેઠળ મળી શકશે.<br>- સંઘ/સંસ્થા રજીસ્ટર્ડ.<br>- વાર્ષિક હિસાબો નિયમો અનુસાર નિયમિત ઓડીટ.<br>- મહિલા સ્વનિર્ભર થઇ શકે તેવી વ્યવસાયિક/બીન વ્યવસાયિક અને તાંત્રિક તાલીમો.<br>- સમાજની તમામ વર્ગોની મહિલાઓને લાભ મળતો હોવો જોઇએ. | પ્રથમ |
| ૨૦. | | ભાડાના મકાનમાં બેસતી હોય તેવી પ્રાયોજના વહીવટદારશ્રીની કચેરી માટે મકાન/મીટીંગ હોલની મંજૂરી. | પ્રથમ. |

આદિજાતિ વિકાસ વિભાગના તા. ૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-પ નું જોડાણ.

---

## પરિશિષ્ટઃ૨

### ન્યુ ગુજરાત પેટર્ન જોગવાઇમાંથી મંજૂર ન કરી શકાય તેવા કામો/યોજનાઓની યાદીઃ-

| ક્રમાંક | સદર/પેટા સદર | કામ/યોજનાની વિગત |
|---|---|---|
| ૧. | પાણી પુરવઠા | હેન્ડ પંપ |
| | | અન્ય ખાતાઓઓ તેઓની યોજનાકીય ગ્રાન્ટમાંથી બનાવેલ પાણી પુરવઠા યોજનાના નિભાવણી/મરામત્ત ખર્ચા. |
| | | વ્યકિતગત પીવાના પાણી માટે બોર |
| | | ખાનગી સંસ્થાઓ/જાહેર ટ્રસ્ટો જેવી સંસ્થાઓમાં પાણી પુરવઠા માટે ઇલેકટ્રીક મોટરો/સબમર્શીબલ પંપો વસાવવાની યોજના. |
| | | આદિજાતિ વિસ્તારો સિવાય ના નગરપાલિકાઓના પાણી પુરવઠાના કામો. |
| | | આર.ઓ. પ્લાન્ટ |
| | | તળાવના પ્રોજેકટો તથા કામો. |
| ૨. | વીજળી | ગ્રામ્ય વીજળીકરણમાં વ્યકિતગત જોડાણો. (અન્ય યોજનામાં સમાવેશ ન થયેલ હોય તો આપી શકાય). |
| | | સોલર લાઇટ |
| 3. | રસ્તા | રસ્તા માટેની જમીન સંપાદન અને વળતર ચૂકવણીના કામો. |
| | | રાજ્ય ધોરીમાર્ગો તેમજ મુખ્ય જિલ્લા માર્ગો બાંધવા, રીકાર્પેટીંગ તેમજ મરામત્તના કામો |
| | | મોટા પુલો |
| | | મહાનગર પાલિકા અને કેન્ટોનમેન્ટ વિસ્તારના રસ્તાના કામો. |
| | | રાજય સરકાર તેમજ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત, બજેટમાં સમાવિષ્ટ થયેલ રસ્તાના કામો. |

| | | |
|---|---|---|
| | | રસ્તાના બાંધકામ માટે વપરાતી સાધન સામગ્રીના કામો. (દા.ત. રોલર, બુલડોઝર, વિગેરે). |
| | | પી.એમ.જી.એ.એસ.વાય ના કેન્દ્ર સરકારના રસ્તાના કામો. |
| | | કાયદાકીય કે ખાતાકીય ગુંચ/તપાસ ચાલતી હોય તેવા રસ્તાના કામો. |
| ૪. | મકાન | મકાનોના કામો માં સ્ટાફકવાર્ટર્સ ના કામો. |
| | | એર કન્ડીશ્નર્સ, |
| ૫. | વાહનવ્યવહાર | પ્રવાસો, અભ્યાસ મુલાકાતો. |
| | | વાહનો |
| ૬. | કૃષિ | ખેતીવાડીના શૈક્ષણિક પ્રેરણા પ્રવાસો. |
| ૭. | ગ્રામ્ય માર્ગો. | રસ્તા માટેની જમીન સંપાદન અને વળતર ચૂકવણીના કામો. |
| | | પી.એમ.એ.એસ.વાય.ના કેન્દ્ર સરકારના રસ્તાના કામો. |
| | | કાયદાકીય કે ખાતાકીય ગુંચ/તપાસ ચાલતી હોય તવા રસ્તાના કામો. |
| ૮. | પ્રાથમિક શિક્ષણ. | સર્વ શિક્ષા અભિયાનમાં આપેલ હોય તો લાયબ્રેરીના પુસ્તકો વસાવવાના કામો નો સમાવેશ ન કરવો. ( પ્રતિ લાઈબ્રેરી રૂ. ૧૦,૦૦૦/-સુધી ખરીદી કરવી.). |
| | | બાલમંદિર, ખાનગી શાળાઓમાં બાળકોને લાવવા/લઇજવા માટે વાહનની યોજના. |
| ૯. | આરોગ્ય | સરકારી/ બિનસરકારી, ટ્રસ્ટો સંચાલિત દવાખાનાઓમાં એમ્બ્યુલન્સ. (જે સી.એચ.સી.માં ન હોય ત્યાં સી.એચ.સી. દીઠ મહત્તમ એક આપી શકાશે પરંતુ રાષ્ટ્રિય ગ્રામ્ય આરોગ્ય (એન.આર.એચ) યોજના હેઠળ મળવાપાત્ર હોય તો ગુજરાત પેટર્નમાંથી ન મળે). |
| | | બ્લડ બેંકના સાધનો, દવાખાનાઓમાં ટેલિફોન/ઇન્ટરકોમ/ફર્નિચર. |
| ૧૦. | પોષણ | પોષણ આહાર કેન્દ્રોને ફર્નિચર, મરીમસાલા માટે સહાય. |
| | | માઇક્રોપ્લાન વગરના વિસ્તારોની દરખાસ્તો ? |
| ૧૧. | સિંચાઇ | પુરસંરક્ષણના દિવાલના કામો. |
| | | બોર કરવા માટે રીંગની ખરીદી. |
| | | જીપ્સમ ટ્રીટમેન્ટની યોજના. |
| ૧૨. | પશુપાલન | ખાતાની બજેટડ ગ્રાન્ટમાંથી થઇ શકે તેવા પશુ દવાખાનાની મરામત્ત, રંગરોગાન જેવા કામો |
| | | પશુ દવાખાનાઓમાં દવાઓની ખરીદીની યોજના (દા.ત. ખરવાસા, મોવાસા જેવા તમામ પશુરોગો). |

| | | |
|---|---|---|
| | | રેમ ડેપોની યોજના. |
| | | સ્ટાફકવાર્ટર્સ ના કામો. |
| | | સરકારી પશુ દવાખાનાની કમ્પાઉન્ડ વોલના કામો. |
| ૧૩. | ડેરી | દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓ ને સાધન સહાય (રૂ. ૧ લાખ સુધી મકાન બાંધકામ સહાય તથા ઓટોમિલ્ક કલેકશન સાધન સહાય). |
| ૧૪. | પંચાયત | કોમ્યુનીટી હોલના બાંધકામની યોજના. |
| | | પંચાયત ઘર તેમજ તેમાં કોઇપણ પ્રકારની સુવિધાઓ. |
| ૧૫. | સ્થાનિક વિકાસના કામો | માર્કેટ યાર્ડના કામો. |
| | | ગ્રામ/નગર પંચાયત/નગરપાલિકા/મહાનગર પાલિકાના વિસ્તારની સ્ટ્રીટલાઇને બદલે સોડીયમ લાઇટમાં રૂપાંતર કરવાના કામો. |
| | | સ્નાનાગારની યોજના. |
| ૧૬. | પ્રવાસન | લકઝરી બસ ખરીદવાના કામો. |
| | | પ્રવાસન હેતુ માટે ઓડીટોરીયમ,<br>અભ્યાસ પ્રવાસો (આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓ/આદર્શ નિવાસી શાળાઓનો શૈક્ષણિક પ્રવાસોનો આમાં સમાવેશ થશે નહિ.) |
| ૧૭. | પ્રકિર્ણ | ગેરેજનું બાંધકામ. |
| | | બાલ્કન જી. બારી. |
| | | સ્કાઉટ ગાઇડની પ્રવૃત્તિની યોજના. |
| | | ગ્રામ રક્ષક દળ/સીમા રક્ષક દળને ગણવેશ આપવાના કામો. |
| ૧૮. | પ્રકિર્ણ કામો. | વ્હાઇટવોશ/પેઇન્ટીંગ/ સમારકામો. |
| | | ખાનગી નોન ગ્રાન્ટેડ શૈક્ષણિક/અન્યસંસ્થાઓને માળખાકીય સુવિધાઓના કામો. |
| | | મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ સ્ટોરરૂમ તેમજ રસોડાના બાંધકામની યોજના. |
| | | આવર્તક ખર્ચવાળા સાધનસામગ્રીના કામો (દા.ત. ચોક, બ્લેકબોર્ડ, ફર્નિચર, પુસ્તકો વિગેરે). |

નોંધઃ આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ સંચાલિત સંસ્થાઓને આ પ્રતિબંધિત યાદી લાગુ પડશે નહિં.

આદિજાતિ વિકાસ વિભાગના તા. ૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-૫ નું જોડાણ.

---

## પરિશિષ્ટ-3

ન્યુ ગુજરાત પેટર્ન હેઠળ રાજયકક્ષાએ ૧૦ ટકા આયોજન અને અમલીકરણ માટેની રાજયકક્ષાની સમિતિઃ-

| ક્રમાંક. | સભ્ય. | હોદો. . |
|---|---|---|
| ૧. | માનનીય મંત્રીશ્રી (આદિજાતિ વિકાસ). | અધ્યક્ષ. |
| ૨. | માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી. (આદિજાતિ વિકાસ) | સભ્ય. |
| 3. | અધિક મુખ્ય સચિવશ્રી. (આદિજાતિ વિકાસ વિભાગ). | સભ્ય |
| ૪. | સચિવશ્રી. (ખર્ચ) ના.વિ. | સભ્ય |
| ૫. | ગુજરાત પેટર્નની કામગીરી સંભાળતા વિભાગના નાયબ સચિવશ્રી. | સભ્ય-સચિવ. |

આદિજાતિ વિકાસ વિભાગના તા.03/08/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦-૪૪૫-૧૩૯-૫ નું જોડાણ.

---

## પરિશિષ્ટ-૪

**આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ જિલ્લાઓમાં જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ ના સભ્યો અને બિનસરકારી સભ્યોની યાદીઃ-**

| ક્રમાંક. | સભ્ય. | હોદો. |
|---|---|---|
| ૧. | જિલ્લાના માનનીય પ્રભારી મંત્રીશ્રી, | અધ્યક્ષ. |
| ૨. | જિલ્લા પંચાયતના પ્રમુખ | સભ્ય |
| ૩. | જિલ્લા કલેકટર | સભ્ય |
| ૪. | જિલ્લા વિકાસ અધિકારી | સભ્ય |
| ૫. | જિલ્લાના સંસદસભ્ય | સભ્ય |
| ૬. | જિલ્લાના ધારાસભ્યો. | સભ્ય |
| ૭. | જિલ્લાના ન્યાય સમિતિના ચેરમેન | સભ્ય |
| ૮. | આદિજાતિ તાલુકાના તાલુકા પંચાયતના પ્રમુખ. | સભ્ય |
| ૯. | મધ્યસ્થ સહકારી બેંકના અધ્યક્ષ. | સભ્ય |
| ૧૦. | જિલ્લા કક્ષાએ આદિજાતિઓના ઉત્કર્ષ અંગે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાના સરકાર દવારા નિયુકત સભ્યો. (બે) | સભ્ય |
| ૧૧. | સરકાર દવારા નિયુકત શૈક્ષણિક /સંશોધન સંસ્થાના તજજ્ઞો. (બે) | સભ્ય. |
| ૧૨. | સરકાર દવારા નિયુકત જિલ્લાના મહિલા અગ્રણિ. (બે) | સભ્ય |
| ૧૩. | વિભાગ તેમજ કમિશ્નર (આદિજાતિ) કચેરીના પ્રતિનિધિ (બે) | સભ્ય. |
| ૧૪. | નિયામક, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી. | સભ્ય |
| ૧૫. | જનરલ મેનેજર, જિલ્લા ઉધોગ કન્દ્ર. | સભ્ય |
| ૧૬. | જિલ્લાની લીડ બેંકના મેનેજર. | સભ્ય |
| ૧૭. | તકેદારી અધિકારી. | સભ્ય |

| | | |
|---|---|---|
| ૧૮. | જિલ્લા આયોજન અધિકારી | સભ્ય |
| ૧૯. | જિલ્લા આંકડા અધિકારી. | સભ્ય |
| ૨૦. | પ્રાયોજના વહીવટદાર. | સભ્ય-સચિવ. |

(૧) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં જિલ્લાના અમલીકરણ અધિકારીશ્રીઓને આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકાશે તેમજ તેઓ મંડળની બેઠકમાં જરુરી વિગતો સાથે હાજરી આપશે.

(૨) રાજ્ય સરકારના વહીવટી વિભાગો દવારા જે તે જિલ્લા ને આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ ફાળવવામાં આવેલ રકમની યોજનાના ઘડતરનો મુસદો જે તે અમલીકરણ અધિકારીએ તૈયાર કરીને સબંધિત પ્રાયોજના વહીવટદારશ્રીને રજૂ કરવાનો રહેશે.

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળની યોજનાઓ/કામો જે તે વિસ્તારમાં રહેતા આદિજાતિના લોકોની ન્યુનત્તમ જરૂરિયાતો કે જેમાં છ પાયાની મૂળભૂત સુવિધાઓનો અગ્રતાથી સમાવેશ થાય તે રીતે, તેમજ માનનીય મુખ્યમંત્રીશ્રીના ૧૦ મુદાના કાર્યક્રમને આધારીત તૈયાર થાય તે રીતે તૈયાર કરવાનો રહેશે.

(૩) સબધિત તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા જિલ્લા પંચાયતના તેમજ તાલુકાના સભ્યો તેમજ માનનીય સંસદસભ્ય તેમજ માનનીય ધારાસભ્યશ્રીઓ, સબંધિત વિભાગના જિલ્લાકક્ષાના અધિકારીઓ તેમજ સરકાર દ્વારા નિયુકત ૬ બિનસરકારી સભ્યો દરખાસ્તો રજૂ કરી શકશે. સંકલન કરીને જિલ્લા માટેનો મુસદો તૈયાર કરીને મંડળ સમક્ષ રજૂ કરવાનો રહેશે.

(૪) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળની બેઠકમાં રજૂ થયેલ કામો/યોજનાઓ ને જિલ્લા કક્ષાએ અમલમાં મૂકવામાં આવનાર યોજનાઓની સમીક્ષા કરીને જરુરિયાત અનુસાર ઠરાવની જોગવાઇઓ અનુસાર સૂચવ્યા મુજબ પ્રથમ, દ્વિતિય અને તૃત્રિય અગ્રતા ક્રમ આપવાનો રહેશે.

(૫) જિલ્લા આદિજાતિ મંડળ દવારા મંજૂરી આપ્યા બાદ સબંધિત અમલીકરણ અધિકારીઓએ ખાતાના વડા મારફતે સબંધિત વહીવટી વિભાગોને દરખાસ્તો મોકલી તેની એક નકલ આદિજાતિ વિકાસ વિભાગ તેમજ એક નકલ કમિશ્નરશ્રી (આદિજાતિ)ને મોકલી આપવાની રહેશે.

૭૨/

(૬) જિલ્લા આદિજાતિ વિકાસ મંડળ દવારા આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ મંજૂર થયેલ કામો/યોજનાઓના અમલીકરણ અંગે પ્રાયોજના વહીવટદારશ્રી ત્રિમાસિક ધોરણે અમલીકરણ અધિકારીઓ સાથે સમીક્ષા કરશે.

(૭) સરકાર દવારા નિયુકત થયેલ સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ, જિલ્લાના મહિલા અગ્રણિ, શૈક્ષણિક/સંશોધન સંસ્થાના તજજ્ઞો ના હોદાની મુદત મહત્તમ ચાર વર્ષ અથવા સરકાર ઇચ્છે ત્યાં સુધી પૈકી જે વહેલુ હોય તે રહેશે. સમિતિના સભ્યો તરીકે મંડળની બેઠકોમાં હાજરી આપવાની અને સ્થાનિક યોજનાઓનું સુદઢ ઘડતર થાય, મહિલાઓ, બાળકોના ઉત્કર્ષ માટેની યોજનાઓ, બી.પી.એલ. તેમજ આદિજાતિઓના કલ્યાણ માટેની યોજનાઓ/કામો કે જેનાથી આદિજાતિઓના સર્વાંગી વિકાસ થાય તેવી યોજનાઓ/કામો અંગે સૂચનો કરવાના રહેશે. સમિતિના સભ્યો તરીકે તેઓ કોઇ ચોકકસ વિસ્તારના કામોની ભલામણો કરી શકશે નહીં.

(૮) સમિતિની બેઠકમાં બીન સરકારી સભ્યોને હાજરી આપવા માટે સરકારના વખતોવખતના હુકમો અનુસાર મળવાપાત્ર ભથ્થાઓ ચૂકવવાના રહેશે.

૭૩/૧૫

આદિજાતિ વિકાસ વિભાગના તા. ૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦- ૪૪૫-૧૩૯-૫ નું જોડાણ.

---

## પરિશિષ્ટ-૫

આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ આવરી લેવાયેલ તાલુકાઓમાં તાલુકા આદિજાતિ વિકાસ સમિતિના સભ્યો અને બિનસરકારી સભ્યોની નિમણૂંકો અને સમિતિએ કરવાની કામગીરી.

| ક્રમાંક. | સભ્ય. | હોદો. . |
|---|---|---|
| ૧. | પ્રાયોજના વહીવટદાર. | અધ્યક્ષ. |
| ૨. | તાલુકામાંથી ચૂંટાયેલા ધારાસભ્યો. | સભ્ય |
| ૩. | તાલુકા પંચાયતના પ્રમુખ. | સભ્ય |
| ૪. | સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષ. | સભ્ય |
| ૫. | તાલુકામાંથી ચૂંટાયેલા અનુ.જનજાતિના જિલ્લા પંચાયતના સભ્યો. | સભ્ય |
| ૬. | આદિજાતિઓના ઉત્કર્ષ અંગે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાના સરકાર દવારા નિયુકત સભ્યો. (બે) | સભ્ય |
| ૭. | કૃષિ, ગ્રામ વિકાસ, ડેરી વિષયોમાં અનુસ્નાતક/ડીપ્લોમા અનુસ્નાતક પદવી ધરાવતા સરકાર દવારા નિયુકત શૈક્ષણિક /સંશોધન સંસ્થાના તજજ્ઞો. (બે) | સભ્ય. |
| ૮. | સરકાર દવારા નિયુકત તાલુકાની મહિલા અગ્રણિ. (બે) | સભ્ય |
| ૯. | તાલુકા વિકાસ અધિકારી. | સભ્ય. |
| ૧૦. | મામલતદાર | સભ્ય |
| ૧૧. | ચીટનીશ/મદદનીશ પ્રાયોજના વહીવટદાર. | સભ્ય સચિવ. |

⇒ તાલુકા આદિજાતિ સમિતિએ આ ઠરાવની જોગવાઇઓ અનુસાર વિચારણામાં લેવાના કામો અંગેની યાદી પરિશિષ્ટ-૧ મુજબ છે.

⇒ વિકાસના વિવિધ સદરો હેઠળ યોજના ઘડવાની રહેશે. તાલુકા અને જિલ્લા કક્ષાના અમલીકરણ અધિકારીઓએ સ્થાનિક લોકોની અનિવાર્ય જરુરીયાતો લક્ષમાં લઇને લોકસંપર્ક, ગ્રામસભા દવારા મંજૂર કરવામાં આવતી યોજનાઓ/કામોનું સંકલન કરીને ઠરાવની જોગવાઇઓ અનુસાર કાર્યવાહી કરીને સમિતિની બેઠકમાં રજૂ કરવાના રહેશે.

⇒ -બિનસરકારી, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ, તજજ્ઞોએ લોકોપયોગી જનહિતાય યોજનાઓ અંગે પોતાની ભલામણો કરવાની રહેશે. તેઓએ વ્યકિતગત રીતે કોઇ કામો રજૂ કરવાના રહેશે નહીં.

⇒ રાજય સરકાર દવારા નિયુકત બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિ, તજજ્ઞો, તાલુકાની મહિલા અગ્રણિઓના હોદાની મુદત મહત્તમ ૪ વર્ષની અથવા સરકાર ઇચ્છે ત્યાં સુધી પૈકી બે માંથી જે વહેલુ હોય ત્યાં સુધીની રહેશે.

⇒ જિલ્લા પંચાયતના સભ્યો તાલુકા પંચાયત સમિતિમાં કામોની દરખાસ્ત/ભલામણો કરી શકશે.

આદિજાતિ વિકાસ વિભાગના તા. ૦૩/૦૮/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંકઃ એનજીપી-૯૯૧૦- ૪૪૫-૧૩૯ -૫ નું જોડાણ.

---

## પરિશિષ્ટ-૬

| ગુજરાત સરકાર | |
|---|---|
| આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ આ કામ કરવામાં આવ્યું. | |
| કામનું નામ- | મંજૂરીનું વર્ષઃ- |
| ફાળવવામાં આવેલ રકમઃ- | થયેલ ખર્ચ- |
| કામ શરુ કર્યા તારીખઃ | |
| કામ પૂર્ણ કર્યા તારીખઃ | |
| અમલીકરણ એજન્સીઃ- | |



સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.